# ખાનગી ઉપયોગ માટેનું વાહન ભાડે ફેરવાયું હોય તો પણ તેવા વાહનના અકસ્માત અંગેનો ક્લેમ નોન સ્ટાન્ડર્ડ ધોરણે ચૂકવવા વીમા કંપની જવાબદાર

**ગ્રાહક મંચ**

★ શ્રેયસ દેસાઇ (એડવોકેટ)

સામાન્ય રીતે વીમા કંપની ખાનગી વાહનનો ઉપયોગ ભાડે ફેરવવામાં થયો હોય તો તેવા વાહનના અકસ્માત અંગેનો ક્લેમ ઈન્શ્યોરન્સ પોલિસીની શરતનો ભંગ થયો છે એવું જણાવી ચૂકવતી નથી પરંતુ તાજેતરમાં સુરત જિલ્લાની ગ્રાહક અદાલતે એક મહત્ત્વના ચુકાદામાં ખાનગી ઉપયોગ માટેના વાહનને ભાડેથી ફેરવવામાં આવ્યું હોય તો પણ તેવા વાહનના અકસ્માત અંગેનો ઈન્શ્યોરન્સ ક્લેમ ચૂકવવા વીમા કંપની જવાબદાર છે.

શ્રી શંકરભાઈ કડુભાઈ બાવાસ્કર અને અસોસીએટસ કો. ઓ. બેન્ક લિ. એ આ લખનાર મારફત અત્રેની સુરત જિલ્લા ગ્રાહક અદાલતમાં ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ વિરુદ્ધ ફરિયાદ કરીને જણાવ્યું હતું કે શ્રી શંકરભાઈ કંડુભાઈ બાવાસ્કરનાએ અસોસીએટસ કો. ઓ. બેન્ક લિ. પાસેથી વાહન ખરીદવા માટે લોન લીધેલી અને તે લોનના આધારે ફરિયાદીએ બજાજ ટેમ્પો ટ્રેક્સ વાહન જેનો નં.GJ-5 AG-4456 ખરીદેલ હતો અને તેની પોલીસી સામાવાળાવાળા વીમા કંપની પાસેથી લીધેલી જેનો સમયગાળા તા.23/03/2000 થી 22/03/2001 સુધીનો તથા પોલીસી નં.230600/31 99 13902 હતો. સદર વીમો અમલમાં હતો તે દરમ્યાન ફરિયાદી તથા તેના સાળા અને અન્ય પરિચિત વ્યક્તિઓ તા. 14/6/2000 ના રોજ સદર વાહન લઈ સુરતથી ધુલીયા જતા હતા તે દરમ્યાન સદર વાહન સાથે ટ્રક નં. GJ - 11-P-7993 ને બેદરકારી ભરી હાંકી ફરિયાદીના વાહન સાથે અથડાવતા અકસ્માત થયેલો અને તેમાં સદર વાહનને ભારે નુકસાન થયેલું. સદર બનાવની જાણ જેતે પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ અને ગુનો નોંધાવેલ તથા સદર અકસ્માતની ફરિયાદીએ સામાવાળાને જાણ કરેલી અને સદર વાહનને અંબિકા મોટર્સમાં રીપેરીંગ માટે લઈ જવામાં આવેલ. સામાવાળાએ સર્વેયર નિમેલા. જે સર્વેયરે સ્પોટ સર્વે કરેલો અને ફાઈનલ રીપોર્ટ આપેલ. તેમાં ટોટલ લોસના આધારે સર્વેયરે પોતાનો રીપોર્ટ આપેલો. ફરિયાદીએ સદર વાહનને થયેલ નુકસાન અંગે સામાવાળા રૂબરૂ કલેમ કરેલો પરંતુ સામાવાળા તરફથી તે અંગે કોઈ નિર્ણય લેવામાં આવેલ નહીં અને લાંબા સમય સુધી ફરિયાદીને તેની જાણ કરેલ નથી. ફરિયાદીનો કલેમ સાચો હોવા છતાં સામાવાળા તરફથી સદર કલેમ અંગે કોઈ જાણ કરેલ ન હોવાથી ફરિયાદી પ્રત્યે સેવામાં ખામી પહોંચાડી છે. જેથી ફરિયાદીને શારીરિક, માનસિક ત્રાસ થયેલો હોય ફરિયાદી વળતર મેળવવા હકદાર થયા છે.



સામાવાળાએ નામદાર ફોરમ સમક્ષ અકસ્માતવાળું વાહન શંકરભાઈ કંડુભાઈ બાવાસ્કર ભાડે ફેરવતા હતા અને તેથી વીમા પોલીસીની મહત્ત્વની શરતનો ભંગ થયો હોવાથી ઈન્શ્યોરન્સ કંપની કલેમ ચૂકવવા જવાબદાર બનતી નથી તેવો બચાવ રજૂ કર્યો હતો. ફરિયાદી તરફે આ લખનારે દલીલો કરતા ભારપૂર્વક જણાવ્યું હતું કે ખાનગી ઉપયોગ માટેના વાહનનો ઉપયોગ ભાડેથી ફેરવવામાં કરવામાં આવ્યો હોય તો પણ વીમા કંપની તેવા વાહનના અકસ્માતનો કલેમ નામંજૂર કરી શકે નહિ પરંતુ તેવા સંજોગોમાં કલેમની રકમમાંથી 25% રકમ બાદ કરીને બાકીની એટલે કે 75% રકમ સ્ટાન્ડર્ડ બેઝીસ પર કલેમનું સેટલમેન્ટ કરીને વીમેદારને ચૂકવવા વીમા કંપની જવાબદાર બને છે. ફરિયાદીના વાહનને રૂ. 2,70,000/-નું નુકસાન થયું હોવાથી નોન સ્ટાન્ડર્ડ આધારિત ગણતરીએ સદર રકમમાંથી 25% રકમ બાદ કરતાં બાકીની રકમ રૂ. 2,02,500/- કલેમ પેટે મેળવવા ફરિયાદી હકકદાર બને છે. દલીલના સમર્થનમાં નેશનલ કમિશનના કેટલાક ચુકાદાઓ પણ ટાંકયા હતા.

સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના પ્રમુખ ન્યાયાધીશ વી. કે. માલી તથા સભ્ય હર્ષદ જોષીએ એડવોકેટ શ્રેયસ દેસાઈની દલીલો મહદઅંશે ગ્રાહ્ય રાખી ફરિયાદીની ફરિયાદ આંશિક રીતે મંજૂર રાખી ફરિયાદવાળા વાહનને અકસ્માતથી થયેલ નુકસાન અંગેના ક્લેમ પેટે રૂ.2,02,500 વાર્ષિક 9% લેખેના વ્યાજ સહિત તથા માનસિક ત્રાસ, હેરાનગતિ વગેરે માટે વળતરના રૂ. 5000/- તથા ફરિયાદ ખર્ચના રૂ. 2500 સહિત ફરિયાદી શંકરભાઈ કંડુભાઈ બાવસ્કરને ચૂકવી આપવા હુકમ કર્યા છે.

ડિસ્ટ્રિક્ટ ફોરમના હુકમથી નારાજ ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડે ગુજરાત સ્ટેટ કન્ઝયુમર્સ ડિસપ્યુટસ રીડ્રેસલ કમિશન સમક્ષ અપીલ ફાઈલ કરી હતી. ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ તરફે રજૂઆત થઈ હતી કે તાઃ 14/06/2000 ના રોજ સદર વાહનમાં ફરિયાદીના સાળા તથા પરિચિત વ્યક્તિઓ હોવાની હકીક્ત ખોટી છે પરંતુ ખરેખર સદર વાહન ભાડેથી ફેરવવામાં આવતું હોવાની હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં ખૂલી છે તેથી ફરિયાદીએ પોલીસીની મહત્ત્વની શરતનો ભંગ કર્યો છે. સદર વાહનનો ઉપયોગ ખાનગી માટેનો વીમો લીધેલો પરંતુ ફરિયાદી સદર વાહનનો ઉપયોગ ભાડું વસૂલ કરી તેમાંથી નફો મેળવવાના ઈરાદે ફેરવતા અને તેથી ફરિયાદી કોઈ પણ રકમ સામાવાળા પાસેથી મેળવવા હકદાર બનતા નથી. ગુજરાત સ્ટેટ કન્ઝયુમર્સ ડિસપ્યુટસ કમિશન, અમદાવાદના જ્યુડીશિયલ મેમ્બર વાય. એચ શેખ તથા મેમ્બર કે.કે. ઠકકરે ધી ન્યૂ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિ. ની અપીલ રદ કરી, સૂરત ડિસ્ટ્રિકટ ફોરમનો હુકમ કન્ફર્મ કર્યો હતો.

આમ આ પ્રકારના મહત્ત્વના કેસમાં ખાનગી વાહન ભાડે ફેરવાયું હોય તો પણ તેવા વાહનને અકસ્માત થવાના સંજોગોમાં ક્લેમની રકમના 75% રકમ નોન સ્ટાન્ડર્ડ બેઝીસ પર ચૂકવવા વીમા કંપની જવાબદાર છે એવો મહત્ત્વનો કાનૂની સિદ્ધાંત પ્રસ્થાપિત થયો.

**ખાનગી ઉપયોગ માટેના વાહનનો ઉપયોગ ભાડેથી ફેરવવામાં કરવામાં આવ્યો હોય તો પણ વીમા કંપની તેવા વાહનના અકસ્માતનો કલેમ નામંજૂર કરી શકે નહિ પરંતુ તેવા સંજોગોમાં કલેમની રકમમાંથી 25% રકમ બાદ કરીને બાકીની એટલે કે 75% રકમ સ્ટાન્ડર્ડ બેઝીસ પર કલેમનું સેટલમેન્ટ કરીને વીમેદારને ચૂકવવા વીમા કંપની જવાબદાર બને છે**



# નખનું ધ્યાન કઈ રીતે રાખીશું? પરીક્ષણ ક્યારે કરાવવું?

**હેલ્થ ટાઈમ**

★ ડો. મંથન શેઠ

પાછલા અંકમાં નખ કે જેને આપણે ઘણી વાર અવગણીએ છીએ એ કઈ રીતે આપણી હેલ્થ વિન્ડો તરીકે કામ કરે છે અને કઈ રીતે વિવિધ ચિહ્નો થકી આપણને ચેતવે છે એ વિશે જાણ્યું. હવે સ્વાભાવિક પ્રશ્નો એ થાય કે તો નખની સંભાળ કઈ રીતે રાખીશું અને નિષ્ણાત પાસે એની તપાસ એટલે કે પરીક્ષણ ક્યારે કરાવશું.

નખની તંદુરસ્તી જાળવવી અને તમારા નખને સ્વસ્થ રાખવા માટે સારી ટેવો, યોગ્ય પોષણ અને જરૂરી સંભાળ અગત્યનો ભાગ ભજવે છે. તમારા નખ સરસ સ્થિતિમાં રહે તે માટે,

» નખની યોગ્ય સ્વચ્છતા, ચેપથી બચવા નખને સ્વચ્છ અને સૂકા રાખવા જોઈએ. વારે વારે પાણીમાં ભીના ના થાય એનું હંમેશાં ધ્યાન રાખવું.

» નખને સમયાંતરે કાપવા એટલે કે ટ્રિમ કરવા અને આગળથી સહેજ ગોળાકાર રાખવા જેથી ઈજા ના થાય.

» **મોઈશ્ચરાઈઝઃ** તમારા નખને હાઈડ્રેટ રાખવા માટે નિયમિતપણે મોઈશ્ચરાઈઝર લગાવો.

» **સખત કેમિકલ કે રસાયણો ટાળોઃ** કઠોર/સખત રસાયણોનો સંપર્ક ઓછો કરો, જેમાં સફાઈ કરવાના પદાર્થો અને નેલ પોલીશ રીમુવર જેમાં એસીટોન હોય છે એનો સમાવેશ થાય છે. વાસણ સાફ કરતી વખતે મોજાનો ઉપયોગ કરો.

» **નેલ કેર પ્રોડક્ટ્સઃ** નેલ કેર પ્રોડક્ટ્સને સમજદારીપૂર્વક પસંદ કરો. નેલ પોલીશ અને રીમુવર્સ એવા પસંદ કરો જે હાનિકારક રસાયણોથી મુક્ત હોય.

» **સંતુલિત આહારઃ** તમારા આહારમાં નખના સ્વાસ્થ્ય માટે જરૂરી પોષક તત્ત્વોનો સમાવેશ થાય છે કે નહીં એનું ધ્યાન રાખો. ઈંડાં, બદામ, લીલાં પાંદડાંવાળા શાકભાજી અને માછલી જેવા ખોરાક નખની તંદુરસ્ત વૃદ્ધિને ટેકો આપી શકે છે.

» **હાઈડ્રેટેડ રહોઃ** પુષ્કળ પાણી પીવાથી નખ અને ક્યુટિકલ્સને હાઈડ્રેટ રાખવામાં મદદ મળે છે.

» **મેનિક્યોરઃ** વારંવાર મેનિક્યોર અને એક્રેલિક નખનો ઉપયોગ નખને નબળા બનાવી શકે છે. તમારા નખને ક્યારેક નેલ પોલીશ અને કૃત્રિમ નખથી વિરામ આપો. એને પણ ક્યારેક પોતાના કુદરતી સ્વરૂપમાં રહેવા માટે થોડો સમય આપો.

» **નખ કરડવા કે ચાવવા નહીંઃ** નખ જાતે જ પોતાના દાંતથી તોડવા, કરડવા કે કાપવા એ નેલ બેડને નુકસાન કરે છે અને બેક્ટેરિયા સાથે મિત્રતા કરાવે છે. આ આદતને તોડવા નખ સમયાંતરે કાપતા રહો અને સુવ્યવસ્થિત રાખો અને કડવી-સ્વાદવાળી નેલ પોલીશનો ઉપયોગ કરો.

» **નખ કોઈ ટૂલ કે સાધન નથીઃ** કેન ખોલવા અથવા સપાટીને ઉઝરડા કરવા માટે નખનો સાધન તરીકે ઉપયોગ કરવાનું ટાળો. આનાથી તે સંપૂર્ણ તૂટી શકે છે અથવા ટુકડામાં વિભાજિત થઈ શકે છે.

## નિષ્ણાત તબીબી સલાહ ક્યારે લેવી?

જ્યારે નખની ઘણી સમસ્યાઓ યોગ્ય કાળજી અને પોષણથી ઉકેલી શકાય છે ત્યારે કેટલાક ફેરફાર માટે તબીબી અભિપ્રાય અને સારવાર જરૂરી છે. જો તમને અહીં જણાવેલ કોઈ પણ તકલીફ જણાય તો નિષ્ણાત તબીબની સલાહ લો:

» નખના રંગ, આકાર અથવા જાડાઈમાં સતત ફેરફાર.

» નખની આસપાસ સોજો અથવા દુખાવો.

» નખમાંથી રક્તસ્ત્રાવ અથવા સ્રાવ.

» કોઈ સ્પષ્ટ કારણ વગર નેલ બેડથી અલગ થતાં નખ કે પાછલા અંકમાં જણાવેલ કોઈ પણ ચિહ્નો હોય.

ટૂંકમાં, નખની તંદુરસ્તી એ તમારા આરોગ્યનું આવશ્યક પાસું છે. તમારા નખની સ્થિતિ પર ધ્યાન આપીને અને નખની સંભાળની સારી રીતો અપનાવીને તમે સામાન્ય સમસ્યાઓને અટકાવી શકો છો અને સંભવિત સ્વાસ્થ્ય સમસ્યાઓને વહેલી શોધી શકો છો. આથી જ સ્વસ્થ નખ એ સ્વસ્થ શરીરનું પ્રતિબિંબ છે.

**નખ જાતે જ પોતાના દાંતથી તોડવા, કરડવા કે કાપવા એ નેલ બેડને નુકસાન કરે છે અને બેક્ટેરિયા સાથે મિત્રતા કરાવે છે**

**-:: ઈત્તેફાક્ ::-**

અંદરનો રસ ઘૂંટાઈને ઘેરું દરદ બને,
એવું બને તો શબ્દ 'કવિની સનદ' બને.
તારાં તમામ રૂપ મને તો પસંદ છે,
વર્ષા બને, વસંત બને કે શરદ બને.
આ મારા લોહીમાં જો ભળે લાલી સ્પર્શની,
તો શક્ય છે જીવનની પળેપળ સુખદ બને.
-અમૃત ઘાયલ